પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૧૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૫-૦૧-૨૦૨૨ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 114 PRICE :-RS. 1.50 DATE : 05-01-2022
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

## રાજધાનીમાં શનિવાર અને રવિવારે કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે : નાયબ મુખ્યમંત્રી

નવીદિલ્હી,

રાજધાની દિલ્હીમાં શનિવાર અને રવિવારે કર્ફ્યુ રહેશે. કોરોના વાયરસના કેસોમાં ઝડપથી થઈ રહેલા વધારાને કારણે મંગળવારે દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની બેઠકમાં સપ્તાહાંતમાં કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ બેઠક બાદ આ માહિતી આપી છે.

ડીડીએમએની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપતાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે જે રીતે રાજધાનીમાં કોરોનાનો ગ્રાફ વધ્યો છે તેને ધ્યાનમાં રાખીને સપ્તાહના અંતે એટલે કે શનિવાર અને રવિવારે કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી સરકારે તેની આવશ્યક સેવાઓ સાથે સંબંધિત વિભાગોની ઓફિસોને જ ખુલ્લી રાખવાનો નિર્ણય લીધો છે. દિલ્હી સરકારની આવશ્યક સેવાઓ સિવાય, અન્ય કચેરીઓ હોમ મોડમાં કામ કરશે, દિલ્હી સરકારે ખાનગી ઓફિસોને ૫૦ ટકા ક્ષમતા સાથે ખોલવાની મંજૂરી આપી છે. એટલે કે, જો ઓફિસમાં ૧૦૦ લોકો કામ કરે



છે, તો માત્ર ૫૦ જ ઓફિસમાં આવી શકશે, બાકીના લોકોએ ઘરેથી કામ કરવું પડશે. બસ સ્ટેન્ડ અને મેટ્રો ૫૦ ટકા ક્ષમતાથી ચાલતી હોવાને કારણે ઘણી ભીડ થતી હતી. દિલ્હી સરકારે હવે સંપૂર્ણ ક્ષમતાથી બસ અને મેટ્રો ચલાવવાનો નિર્ણય લીધો છે. જો કે, બસો અને મેટ્રોમાં માસ્ક વિના પ્રવેશ મળશે નહીં. દિલ્હીમાં વીકએન્ડ કર્ફ્યુ એટલે કે શનિવાર અને રવિવારે માત્ર ખાવાનું, મેડિકલ, પોલીસ, શાકભાજી, પ્રેસ અને અન્ય આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા લોકોને આવવા-જવાની મંજૂરી આપવામાં આવશે. આ સિવાય અન્ય લોકોને અવરજવર કરવા દેવામાં આવશે નહીં. આવશ્યક સેવાઓ સિવાય અન્ય દુકાનો પણ સપ્તાહના અંતે ખુલી શકશે નહીં. દિલ્હીમાં નાઈટ કર્ફ્યુ પહેલેથી જ લાગુ છે, જેમાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી અવરજવર પર પ્રતિબંધ છે.

બીજીબાજુ દિલ્હીના ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એમ્સ)માં કોરોના વાયરસનો વિસ્ફોટ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ અહીંના ૫૦ ડોક્ટરોમાંથી કેટલાકના રિપોર્ટ પોઝિટીવ આવતા તમામને આઈસોલેટ કરવામાં આવ્યા છે. કેટલાકમાં કોવિડ-૧૯ ના લક્ષણો પણ જોવા મળ્યા છે. આ સાથે એઈમ્સના તમામ ડોક્ટરોની રજા તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવી છે. નોંધપાત્ર છે કે દિલ્હી સહિત દેશના ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, બીજેપી નેતા મનોજ તિવારી અને કેન્દ્રીય મંત્રી ડૉ. મહેન્દ્ર નાથ પાંડે પણ કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા છે. હોસ્પિટલે ૫ જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી સુધી તમામ ડોકટરોને આપવામાં આવેલી શિયાળાની રજા રદ કરી દીધી છે. હોસ્પિટલ પ્રશાસને તેમને તાત્કાલિક અસરથી ફરજમાં જોડાવા કહ્યું છે.એમ્સ સિવાય દિલ્હીની પ્રખ્યાત સફદરજંગ હોસ્પિટલના ૨૩ થી વધુ ડોક્ટરોનો કોરોના વાયરસ રિપોર્ટ પણ ગયા અઠવાડિયે પોઝિટિવ આવ્યો હતો.સફદરજંગ હોસ્પિટલના એક ડૉક્ટરે જણાવ્યું કે કોઈ પણ ડૉક્ટરને ઓમિક્રોન કેસ નથી, લક્ષણો મોટે ભાગે હળવા હોય છે અને કોઈ પણ સંજોગોમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. ડોક્ટરોએ પોતાને અલગ કરી દીધા છે.

## હવે ઉર્જા વિભાગમાં રૂપિયા લઈ ઉમેદવારોને પાસ કરાયા

અમદાવાદ,

ગુજરાતમાં ભરતીમાં મોટું કૌભાંડ સામે આવી રહ્યું છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે પ્રેસ કોન્ફ્રન્સ કરી ભરતીમાં કૌભાંડના ગંભીર આરોપો લગાવ્યા છે. ઉમેદવારો પાસેથી રૂપિયા લઈ તેમને સરકારી ખાતાઓમાં નોકરી અપાવવામાં આવે છે, તેવો આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી ઉર્જા વિભાગમાં ભરતીઓમાં કૌભાંડ થઈ રહ્યું છે, તેવા આરોપો યુવરાજસિંહે લગાવ્યા છે.

પત્રકાર પરિષદ યોજી યુવરાજ સિંહે ઉર્જા વિભાગની ભરતીમાં કૌભાંડ થયાના ગંભીર આરોપ લગાવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણામાં કૌભાંડ થયું હોવાનો આક્ષેપ તેમણે કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ભરતીઓમાં કૌભાંડના આરોપો તેમણે લગાવ્યા છે. પીજીવીસીએલ,ડીજીવીસીએલ અને યુજીવીસીએલની ભરતીમાં કૌભાંડ થયાના આક્ષેપો વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે કર્યા છે. તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે યુજીવીસીએલ જુનિયર આસિસન્ટન્ટમાં એક જ સિક્વંસ અને નંબર ધરાવતા લોકોને એક સરખા માર્ક મળ્યા છે. સાથે જ આ કૌભાંડમાં કોની સંડોવણી છે, તેઓનું નામ પણ તેણે આપ્યું છે. તેમણે જણાવ્યું કે ધનસુરાના શિક્ષક અને બાયડના અવધેશ પટેલની આ કૌભાંડમાં સંડોવણી છે. બાયડમાં ટ્યુશન ક્લાસ ચલાવતો અજય પટેલ કૌભાંડ ચલાવે છે. વડોદરાની ઉર્જા કંપનીના અધિકારીઓ કૌભાંડ સાથે જોડાયેલા હોવાનો યુવરાજસિંહે આક્ષેપ કર્યો છે.

આ કૌભાંડ દ્વારા કોને કોને લાભ લીધો છે, તેઓનું નામ પણ તેમણે લીધુ છે. ધવલ પટેલ, કૃશાંગ પટેલ, હિતેશ પટેલ, રજનીશ પટેલ, પ્રિયંક પટેલ, આંચલ પટેલ, પ્રદિપ પટેલ, બાબુ પટેલ, જીગીશા પટેલ, ધ્રુવ પટેલ ભરતી કૌભાંડનો લાભ લીધો છે, તેમ યુવરાજસિંહે જણાવ્યું છે. એક જ ગામના ૧૮ યુવાનોએ કૌભાંડ કરી સરકારી નોકરી મેળવી છે. જ્યારે જેટકોની પરીક્ષામાં મિતુલ પટેલે ભરતી કૌભાંડનો લાભ લીધો છે.

ઉમેદવારો પાસેથી રૂપિયા લઈ તેઓની ભરતી કરવામાં આવે છે. શરૂઆતમાં ટોકન અને ત્યાર બાદ નોકરી મળતા પુરૂ પેમેન્ટ કરાતુ હોવાનો આરોપ યુવરાજસિંહે લગાવ્યો છે. કૌભાંડ આચરનાર અને કૌભાંડ કરી રહેલા લોકોના પુરાવા હોવાનો યુવરાજસિંહે દાવો કર્યો છે. સાથે જ યુવરાજસિંહે સ્પષ્ટતા કરી છે કે અમે સમગ્ર મુદ્દાને રાજકીય રંગ આપવા નથી માગતા. અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા કૌભાંડનું એપી સેન્ટર હોવાનો યુવરાજનો આરોપ. ઉર્જા વિભાગની અત્યારે લેવાયેલી ઓનલાઈન પરીક્ષામાં પણ કૌભાંડના યુવરાજસિંહે આરોપ લગાવ્યા છે.વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.એસઆઈટીની રચના કરી તમામ સ્પાર્ધાત્મક પરીક્ષાઓની તપાસ કરવામાં આવે તેવી માંગ યુવરાજ સિંહે કરી છે.

## દેશમાં બેરોજગારી ચાર મહિનાના સર્વોચ્ચ સ્તરે, મોટા શહેરોમાં ૯ ટકાથી વધુ બેરોજગારી

નવીદિલ્હી,

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના ડેટા અનુસાર, નવેમ્બર અને ઓક્ટોબર ૨૦૨૧માં ૭ ટકા અને ૭.૭૫ ટકાની તુલનામાં ભારતનો બેરોજગારી દર ડિસેમ્બરમાં ૭.૯૧ ટકાના ચાર મહિનાની ટોચે પહોંચ્યો હતો. બેરોજગારીનો દર ઓગસ્ટ પછી સૌથી વધુ ૮.૩ ટકા પર પહોંચી ગયો છે. ડિસેમ્બરમાં શહેરી બેરોજગારીનો દર વધીને ૯.૩૦ ટકા થયો હતો, જ્યારે ગ્રામીણ રોજગારીનો દર ૭.૨૮ ટકા હતો. શહેરી અને ગ્રામીણ બેરોજગારી અગાઉના મહિનામાં અનુક્રમે ૮.૨૧ ટકા અને ૬.૪૪ ટકાથી નોંધપાત્ર વધારો દર્શાવે છે. બેરોજગારીમાં વધારો મ્યૂટ આર્થિક પ્રવૃત્તિ અને ગ્રાહક સેન્ટિમેન્ટને આભારી છે, જે સમગ્ર વિશ્વમાં ઓમિક્રોન વેરિઅન્ટના ઉદભવ પછી કોવિડ-૧૯ કેસમાં થયેલા વધારાને કારણે અસરગ્રસ્ત



છે. દરમિયાન, તાજેતરના અભ્યાસમાં બહાર આવ્યું છે કે શહેરી ભારતીયોમાં બેરોજગારી અને કોરોનાવાયરસ સૌથી મોટી ચિંતા છે. તારણો અનુસાર, લગભગ ૭૦% શહેરી ભારતીયો પણ માને છે કે દેશ સાચી દિશામાં આગળ વધી રહ્યો છે. જો કે, ભારતીયો બેરોજગારી અને નોકરીની સુરક્ષા વિશે ચિંતા કરે છે. વિશ્વભરમાં, ઓમિક્રોન વેરિઅન્ટના ફેલાવાને કારણે કોરોનાવાયરસ ફરી એકવાર ચિંતાના સૌથી મોટા કારણ તરીકે ઉભરી આવ્યો છે. સંશોધકોએ જણાવ્યું હતું કે ભારતીયોમાં, રોગચાળો એ ચિંતાનું ત્રીજું મુખ્ય કારણ છે, જેમાં કોરોનાવાયરસ છેલ્લા મહિનામાં એક સ્તરે ચઢી રહ્યો છે.

## દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ હજારથી વધુ કેસ, ૧૨૪નાં મોત

નવીદિલ્હી,

દેશમાં કોરોનાનું સંક્રમણ સતત ઝડપથી વધી રહ્યું છે. આ પછી, સવાલ ઉઠી રહ્યો છે કે શું હવે કોવિડ -૧૯ ની ત્રીજી લહેર આવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૭ હજાર ૩૭૯ નવા કેસ નોંધાયા છે જ્યારે ૧૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ પછી દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસ વધીને ૩ કરોડ ૪૯ લાખ ૬૦ હજાર ૨૬૧ થઈ ગયા છે જ્યારે આ મહામારીને કારણે ૪ લાખ ૮૨ હજાર ૧૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

દેશમાં ૧૭૬ નવા કેસ સાથે ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા વધીને ૧૮૮૯ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૭૮ કેસ છે જ્યારે દિલ્હી ૩૫૧ કેસ સાથે બીજા ક્રમે છે. બીજી તરફ જો રાજસ્થાનની વાત કરીએ તો અહીં કુલ ૧૭૪ દર્દીઓ સામે આવ્યા છે. અન્ય રાજ્યોની વાત કરીએ તો તેલંગાણા (૬૭), કર્ણાટક (૬૪), હરિયાણા (૬૩), ઓડિશા (૩૭), પશ્ચિમ બંગાળ (૨૦), આંધ્રપ્રદેશ (૧૭), મધ્યપ્રદેશ (૯), ઉત્તર પ્રદેશ (૮), ઉત્તરાખંડ. (૮), ચંદીગઢ (૩), જમ્મુ અને કાશ્મીર (૩), આંદામાન અને નિકોબાર (૨), ગોવા (૫), હિમાચલ પ્રદેશ (૧), લદ્દાખ (૧), મણિપુર (૧) અને પંજાબ (૧) ગયા છે.

ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની વિષય નિષ્ણાત સમિતિ આજે ઈન્ટ્રાનાસલ કોરોના રસી માટે બૂસ્ટર શોટ્સના ઉપયોગ માટે ભારત બાયોટેકની અરજીની તપાસ કરવા માટે બેઠક કરશે. સૂત્રોએ આ માહિતી આપી છે કે ઈન્ટ્રાનાસલ રસી ચેપના ફેલાવાને રોકવાની મહત્તમ ક્ષમતા ધરાવે છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકાના કોઠંબા ખાતે યોજાયો દિવ્યાંગ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના દિવ્યાંગજનોના હિતને ધ્યાનમાં રાખીને અને ખાસ કરીને દિવ્યાંગજનોને દિવ્યાંગતાની તપાસ અને દિવ્યાંગતાના પ્રમાણપત્ર માટે નડીઆદ કે ગોધરા જવું પડતું હતું. તે જવું ન પડે અને એક જ જગ્યાએથી આ સુવિધા મળી રહે તે માટે જિલ્લાના આ દિવ્યાંગજનોને જિલ્લામાં એક જ સ્થળે આ સુવિધા મળી રહે અને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે હેતુથી મહીસાગર જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા આરોગ્ય કચેરીના ઉપક્રમે કોઠંબા ખાતે દિવ્યાંગતા અંગે તજજ્ઞો દ્વારા આરોગ્ય ચકાસણી કરી સર્ટિફિકેટ અને યુનિક આઈડી આપવા દિવ્યાંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોઠંબા સી.એચ.સીના અધિક્ષક ડો. પ્રણવ તલસાણીયાએ જણાવ્યું કે, આ દિવ્યાંગ કેમ્પનો ૯૪ દિવ્યાંગજનોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આંખના સ્પેશ્યાલીસ્ટ ડો.પ્રગનેશ વસાવા, ઈએનટી સ્પેશ્યાલીસ્ટ ડો. ચિરાગ તાવીયાડ, ઓર્થોપેડીક ડો. બારીયા, ફિઝીશ્યન ડો. રવીરાજ કડીયાતબીબોએ ઉપસ્થિત રહી દિવ્યાંગ વ્યક્તિઓને તબીબી તપાસ સેવા પુરી પાડી હતી.

આ દિવ્યાંગ કેમ્પમાં માનસિક તખલીફ વાળા–૨૪,ઓર્થોપેડિક ૩૨,ઈએનટી–૩૬ અને આંખની તકલીફવાળા ૦૨ મળી ૯૪ દર્દીઓએ લાભ લઈને તેમના આરોગ્યની ચકાસણી કરાવી હતી. આ કેમ્પનું આયોજનકોઠંબા ખાતે કરવામાં આવતાં મોટી સંખ્યામાં દિવ્યાંગ વ્યકિતઓએ તેનો લાભ લીધો હતો.

આ કેમ્પ દરમિયાન જરૂરતમંદ દિવ્યાંગજનોની ચકાસણી કરવામાં આવ્યા બાદ પ્રમાણપત્ર અને યુનિક આઈ.ડી. આપવામાં આવ્યા હતા.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મહીસાગર જિલ્લાના કોઠંબા ખાતે દિવ્યાંગજનો માટે આરોગ્ય ચકાસણી માટે યોજવામાં આવેલ કેમ્પ બદલ દિવ્યાંગજનોએ જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા આરોગ્ય કચેરી અને રાજય સરકાર પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.

# સંતરામપુર તાલુકાના બેણદા પાદેડી ગામે અસામાજિક તત્વો શનિદેવની મૂર્તિ ઉપાડી ગયા



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના બેણદા પાદેડી ગામે ૨૦૧૮ ની સાલ માં શનિદેવ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી અને પ્રચાર કરવામાં આવી હતી. આ ગામની અંદર છેલ્લા ત્રણ વર્ષથી શનિદેવની દર્શન કરવા માટે ભાવિ ભક્તોની ભીડ જામતી હતી. અચાનક આ શનિદેવના મંદિર માંથી કેટલાક અસામાજીક તત્વો મૂર્તિ ઉપાડી ગયા હતા. શનિદેવના મંદિરની અંદર પ્રભુદાસજી મહારાજ પુજારી સવારે ઉઠીને શનિદેવની મંદિરમાં દર્શન કરવા ગયા હતા અને સમયે મૂર્તિ ગાયબ થઈ ગઈ હતી. મૂર્તિ ગાયબ થઈ જતા પુજારી મંદિરના ટ્રસ્ટી અને ગ્રામજનોની ભેગા મળીને આ ઘટનાની જાણ કરી હતી. મંદિરના પુજારી દ્વારા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં શનિદેવની મૂર્તિ ચોરી જતા આ ઘટનાની સંતરામપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસ તાત્કાલિક મૂર્તિ ખોવાઈ ગયા હતા. સ્થળ ઉપર જઈને આજુ બાજુ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાનમાં મંદિર થી ૫૦ મીટર થી અંતરમાં એક કુવાની અંદર આ મૂર્તિ અસામાજિક તત્વો દ્વારા નાખી દેવામાં આવેલી હતી. પોલીસ તંત્ર દ્વારા કૂવામાંથી આ મૂર્તિને બહાર કાઢવામાં આવેલી હતી, પરંતુ મૂર્તિ ખંડિત થઈ જવાના કારણે તેને ફરી મંદિરમાં મૂકી શકાતી નથી અને દર્શન કરી શકાય નહીં તે માટે પુજારી તાત્કાલિક ભાભી ભક્તોને દર્શન કરવા માટે શનિદેવનો ફોટો મૂક્યો હતો અને મૂર્તિ ખંડિત થઈ જવાના કારણે તેને મુકવામાં આવેલ નથી. પોલીસે શોધખોળ કરીને શનિદેવની મૂર્તિને પૂજારીને સોંપવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસ આવી ધાર્મિક સ્થળો ઉપર અસમાજિક તત્વો ભાવિ ભકતો અને ધાર્મિક સ્થળોની નુકસાન પહોંચાડતાં પોલીસે અસામાજિક તત્વોનો શોધખોળનો સતત પ્રયાસો ચાલુ કરેલા છે. પોલીસ તંત્ર દ્વારા જણાવેલું કે, આવા ધાર્મિક સ્થળ ઉપર નુકશાન પહોંચાડીને સખત સજા કરવામાં આવશે, પરંતુ પાદેડી ગામે હનુમાનજી મહાદેવ અને શનિદેવ ત્રણેય ધાર્મિક સ્થળો આવેલા છતાંય અને તેની બાજુમાં જ સરકારી આઈ.ટી.આઈ અને કસ્તુરબા બાલિકા વિદ્યાલય આવેલું છે. તેમ છતાંય આ ગામની અંદર સ્ટ્રીટ લાઈટની સુવિધાનો અભાવ છે. આ સામાજિક તત્વો અંધારાનો લાભ લઈને વારંવાર નુકશાન પહોંચાડતા હોય છે. ગ્રામજનોની માંગી છે કે, રોડ ઉપર ગામની સ્ટ્રીટ લાઈટ અને પોલીસ પોઈન્ટ મુકવામાં આવે ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# સંતરામપુર કોંગ્રેસ સમિતિ દ્વારા કોરોનામાં મૃતક પરિવારને સહાય માટે મામલતદારને આવેદન




સંતરામપુર,

આજ રોજ સંતરામપુર તાલુકા/શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કોવિડ – ૧૯ માં મૃતક થયેલ પરિવારને સહાય બાબતે સંતરામપુર મામલતદારને આવેદનપત્ર આપેલ.

જેમાં મૃતકોના પરિવારને ૪ લાખની સહાય, જો નોકરી દરમિયાન મૃત્યુ થયેલ હોય તો એના પરિવારને નોકરી તેમજ જે કોરોનામાં દર્દીઓને દવાખાનાનો ખર્ચ તેમજ આ કોવિડ–૧૯ માં થયેલ ગેરરીતિની તપાસ જેમાં મુદ્દા પર આવેદનપત્ર આપેલ હતું. આ આવેદનપત્ર આપવા મહીસાગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ હરજીવનભાઈ પટેલ, સંતરામપુર શહેર કોંગ્રેસના પ્રમુખ દિપેશ પ્રજાપતિ, સંતરામપુર તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ ભરતભાઈ ડીડોર, સંતરામપુર તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા નાથુભાઈ તડવી, સંતરામપુર નગરપાલિકાના વિરોધપક્ષના નેતા મનુભાઈ વણકર, માલિક અરબ, સંતરામપુર વિધાનસભાના યુવા કોંગ્રેસના પ્રમુખ પવન ડામોર, મહીસાગર સેવાદળના પ્રમુખ પ્રકાશભાઈ ડોડીયાર, એસ.ટી. સેલના દેવરાજભાઈ ડામોર, શનાભાઈ તાવીયાડ, મહિલાના ઈલાબેન દામા, ઈંદ્રપાલસિંહ ચૌહાણ, જાવેદભાઈ શહેરવાળા તેમજ કોવીડ –૧૯ મૃતકોના પરિવારજનો હાજર રહેલ હતા.

# સંતરામપુર આશ્રય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટીફિન સેવાના લાભાર્થી ક્રિકેટ ટુનામેન્ટનું આયોજન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આશ્રય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટિફિન સેવાના લાભાર્થ એક નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન તારીખ ૫ જાન્યુઆરીથી ૧૧ જાન્યુઆરી સુધી સંતરામપુર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ૧૬ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો છે. આ ટુર્નામેન્ટ નોક આઉટ પદ્ધતિથી રમાશે આ ટૂર્નામેન્ટનો હેતુ આશ્રય ટિફિન સેવાને મદદરૂપ થવાના હેતુ માટે છે. ટુર્નામેન્ટનો શુભારંભ ૫ જાન્યુઆરી રાત્રે ૭.૦૦ કલાકે શરૂ થશે. આ ટૂર્નામેન્ટના આયોજન માટે ડોક્ટર હીરાભાઈ માળી દ્વારા પોતાનો ગ્રાઉન્ડ વાપરવા માટે આપેલ છે તેમજ નગરના વેપારીઓ દ્વારા ખૂબ જ ઉદાર હાથે મદદ પ્રાપ્ત થયેલ છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન આશ્રય ક્રિકેટ કમિટી નગરજનોને સહકાર આપવા માટે તથા કોવિડ–૧૯ ના માર્ગદર્શનનો ચુસ્તપણે પાલન કરવા માટે વિનંતી કરે છે. ૧૧મી જાન્યુઆરીના રોજ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રમાશે જ્યાં વિજેતા ટીમને ૫૧૦૦ રૂપિયા અને ટ્રોફી તથા ઉપવિજેતા ટીમને એકત્રીસ સો રૂપિયા અને ટ્રોફી ઉપરાંત મેન ઓફ ધી મેચ મેન ઓફ ધ સીરીઝ બેસ્ટ બેસ્ટમેન ઓરેન્જ કેપ અને બેસ્ટ બોલર બ્લુ કેપ તથા ટ્રોફી અને મેન ઓફ ધી મેચને પણ ટ્રોફી આપવામાં આવશે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન દરેક ટીમ અને ખેલાડીઓને સહકાર આપવા માટે વિનંતી કરવામાં આવે છે.

# ગુજરાતમાં અધિકારી રાજ છે, મારી સાથે પટ્ટાવાળા જેવો વ્યવહાર થાય છે: ધારાસભ્ય જશુ પટેલ



ગાંધીનગર,

કોંગ્રેસના ધારાસભ્ય જશુ પટેલ ગાંધીનગરમાં આરોગ્ય કમિશ્નરની કચેરીની બહાર ધરણા પર બેઠા છે. તેમની માગણી છે કે, આસિસ્ટન્ટ ફાર્માસિસ્ટ હેતલ ચૌધરીની ધનસુરા ખાતે બદલી કરવામાં આવી છે. તેને રોકીને તેમને પોતાના વિસ્તારમાં જ નોકરી આપવામાં આવે. જેથી તેઓ તેના કોમા રહેલા પિતાની સેવા કરી શકે. આ રજૂઆત તેમને અવારનવાર અધિકારીને કરી પરંતુ રજૂઆતનો કોઈ નિવેડો ન આવતાં અંતે તેમને ધરણાનો રસ્તો અપનાવ્યો.

ધારાસભ્ય જશુ પટેલે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, અમને તો કોઈ ધારાસભ્ય ગણતું નથી. અમે કોંગ્રેસના છીએ તે અમારું મોટું દુઃખ છે. સાચી વાત કોઈ સાંભળવા તૈયાર નથી. અમારી માગણી છે કે, આરોગ્ય કમિશનરની ઓફિસમાં જે મોટા અધિકારીઓ છે તેમની સામે ભ્રષ્ટાચારની તપાસ થવી જોઈએ. અહીંયા જે બદલીવાળા અધિકારીઓ બેઠા છે તે બહુ મોટા આકા છે. અહીંયા ધારાસભ્યનું કોઈ સાંભળવા તૈયાર નથી. તો સામાન્ય જનતાનું સાંભળતા હશે. ધારાસભ્ય જશુ પટેલે અન્ય એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, હું અધિકારીઓ પર ભ્રષ્ટાચારના આરોપ સાથે અહીંયા બેઠો છું. અહીંયાની જે રીતે વાત છે તે એક ધારાસભ્યની સાથે જે વર્તન થઈ રહ્યું છે તેને લઈને અહીંયા ધરણા પર બેઠો છું. ૬ મહિનાથી એક લાગણી લઈને આવ્યો છું. આ લાગણીની વાત પણ અધિકારીઓ સાંભળવા માટે તૈયાર નથી. હું એક દીકરીને તેના પિતાની સેવા કરવા દેવામાં આવે તેવી લાગણી લઈને અહીંયા આવ્યો છું. મારા વિસ્તારની એક દીકરી છે તેના પિતા છ મહિનાથી કોમામાં છે. કોમામાં રહેલા વ્યક્તિને પાણી પીવડાવવા વાળુ કોઈ જોઈએ, ટાઈમે જમવા આપવા વાળું કોઈ જઈએ. બસ આ એક સેવાની વાત છે.

આ એક રજૂઆતમાં છ મહિનાથી મારા ચપ્પલ ઘસાઈ ગયા છે. અહીંયા સાહેબ ખૂબ સારા છે પરંતુ તેની નીચેના અધિકારીઓ કોઈને કોઈ રીતે કામ કરતા નથી. અહીંયા માત્ર પૈસા માટે આ બધું થતું હોય તેવું મને લાગે છે. હું આવું છું ત્યારે મારી સાથે એક ધારાસભ્ય જેવો નહીં પરંતુ એક સામાન્ય પટાવાળા જેવો વ્યવહાર થાય છે. મને પાણી આપવા માટે પણ કોઈ તૈયાર નથી. ગુજરાતમાં અધિકારી રાજ છે. મારી મીડિયાના માધ્યમથી એક માગણી છે કે, આવા લોકોની મિલકતોની તપાસ થવી જોઈએ. જે તે વિભાગ પ્રમાણે તેમનાં ભ્રષ્ટાચારની પણ તપાસ થવી જોઈએ. મને ફોન પર અધિકારીઓ કોઈ જવાબ આપતા નથી. ફોન કરું કે તેમને મળવા આવું ત્યારે અધિકારીઓ મિટિંગમાં જ હોય છે. જ્યારે હું આવું ત્યારે અહીંના સાહેબની જગ્યા ખાલી જ હોય છે. અહીંયા માત્ર કારકુનો બેઠા હોય છે અને તે માત્ર ફોન પર જવાબ આપ્યા કરે છે. અહીં આવુ એટલે કે જવાબ મળે છે કે, સાહેબ જમવા ગયા છે, મીટીંગમાં ગયા છે. અહીંયા કોઈ સાંભળવા પણ તૈયાર નથી. આખો વિભાગ સડી ગયો છે. સરકારી તંત્ર આખું સડી ગયું છે.

## હેલ્થ ટીપ્સ

# પાંચ વસ્તુની ઉણપથી તમારા સ્વાસ્થય પર માઠી અસર થશે

આજકાલની દોડધામ ભરેલા જીવનમાં આરામ મલવો મુશ્કેલ બની ગયો છે પરંતુ જો આરામ કરવા છતાં પણ આપણા શરીરમાં નબળાઈ અને આળસનો અનુભવ થાય છે તો તેનો સીધે સીધો અર્થ એ છે કે તમારા શરીરમાં થોડા મિનરલ્સ એટલે ખનીજોનું ઉણપ આવી ગઈ છે. માટે એ વાત જાણવી જરૂરી છે કે ક્યા મિનરલ્સની ઉણપથી આ સમસ્યા થાય છે.

કેલ્શિયમ મજબુત હાડકા અને મજબુત દાંત માટે જરૂરી છે. તેની ઉણપ થવાથી થાક, ભૂખની ખામી, માસપેશીઓમાં નબળાઈ, અનિયમિત ધબકારા વગેરેની સમસ્યા થઈ જાય છે. એટલા માટે જરૂરી છે કે તમે ખાવામાં દૂધ, દહીં, પનીર, સફરજન, વટાણા, બ્રોકોલી અને કોબીનો ઉમેરો કરો. પલાળેલી બદામ પણ કેલ્શિયમનો સારો સ્ત્રોત છે.

જીંક એક જરૂરી ખનીજ છે, જે પ્રોટીન સંશ્લેષણ, ડી એન એ સંશોલષણ અને રોગ પ્રતિકારક શક્તિને વધારવાના કામમાં આવે છે. ગર્ભાવસ્થા, બાળપણ અને કિશોરાવસ્થામાં તેની પૂર્તિ થવી જરૂર છે. જીંક મળે છે રેડ મીટ અને પોલ્ટ્રી જેવા ઉત્પાદનોમાં. શાકાહારી લોકો માટે કઠોળ, આખુ અનાજ અને દૂધ માંથી બનેલી વસ્તુઓ માંથી જીંકનું ઘણું પ્રમાણ મળી જાય છે. આ ખનીજની ઉણપ થવાથી ઝાડા, વાળ ખરવા અને પુરુષોમાં નપુંસકતાની તકલીફ થઈ શીકે છે.

આયરન આ સૌથી વધુ સામાન્ય રીતે જોવા મળતી ઉણપ છે. આપણી રક્ત કોશિકાઓમાં શરીરના અડધાથી વધુ આયરન મળી આવે છે. અને હિમોગ્લોબીનનું સ્તર આયરનનું શરીરમાં કેટલું પ્રમાણ છે તેની ઉપર આધાર રાખે છે. તેની ઉણપથી નબળાઈ, થાક, આંખોની આગળ અંધારું આવવું વગેરે લક્ષણ જોવા મળે છે. માંસ, મરઘી અને માછલી આયરનનો સૌથી સારો સ્ત્રોત છે પણ જે લોકો શાકાહારી છે તેમના માટે શાકભાજી અને દાળ પણ સારો વિકલ્પ છે.

પોટેશિયમ આ ખનીજ શરીરમાં ઈલેક્ટ્રોલાઈટની જેમ કામ કરે છે અને હ્દયની કાર્યપ્રણાલી, માંસપેશીઓમાં સંકોચન અને નર્વસ સીસ્ટમને ઠીક કરવાનું કામ કરવા માટે કામ કરે છે. તેની ઉણપ થવાથી માંસપેશીઓમાં નબળાઈનો અનુભવ થાય છે. કબજીયાત, સોજા કે પેટનો દુઃખાવો પણ તેના લક્ષણ છે. પોટેશિયમની ઘણી વધુ ઉણપ થવાથી અનિયમિત હ્દય ધબકારાની સમસ્યા થઈ જાય છે, જેનાથી મૃત્યુ પણ થઈ શકે છે. તેની ઉણપ પૂરી કરવા માટે ખાવામાં કેળા, પાંદડા વાળા શાક, બીટ, બટેટા અને પ્લમનો ઉમેરો કરો.

મેગ્નીશીયમ શરીરની ઘણી રાસાયણિક પ્રક્રિયાઓ માટે આ ખનીજની જરૂર પડે છે, જેમ કે બ્લડ શુગર લેવલ અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવાવાળી પ્રક્રિયાઓ, મગજ, માંસપેશીઓ અને ઉતકો સાથે જોડાયેલી પ્રક્રિયા વગેરે. શરીરના ૬૦ ટકા મેગ્નેશીયમ હાડકાઓમાં અને બાકી ૪૦% માંસપેશીઓ અને સોફ્ટ ટીશ્યુસમાં રહે છે. મેગ્નેશીયમની ઉણપ થવાથી થાક, નબળાઈ, જીવ ગભરાવો, ઉલટી વગેરે લક્ષણ જોવા મળે છે. આ ખનીજની ઉણપ પૂરી કરવા માટે તમારે તમારા આહારમાં મગફળી, બાદમ, આખું અનાજ અને લીલા પાંદડા વાળા શાકભાજી સામેલ કરવા જોઈએ.

# કોરોના- ઓમિક્રોન સંકટ વચ્ચે આવતીકાલે મોદી કેબિનેટની મહત્વની બેઠક

નવીદિલ્હી,

કોરોના વાયરસના પુનઃ ઉદભવ અને ૩૫ હજારથી ઉપર જતા નવા કેસ વચ્ચે આવતીકાલે બુધવારે નરેન્દ્ર મોદી કેબિનેટની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આ કેબિનેટ બેઠક વર્ચ્યુઅલ રીતે યોજાશે. બેઠકમાં ભાગ લેનારા તમામ મંત્રીઓને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડવામાં આવશે. કોરોનાના વધતા પ્રસારને ધ્યાનમાં રાખીને વર્ચ્યુઅલ મીટિંગ યોજવામાં આવી રહી છે. કેબિનેટની સાથે સાથે સીસીએસ અને સીસીઈએની પણ બેઠક યોજાશે.

કોરોના સંકટ વચ્ચે દર બુધવારે મળનારી કેબિનેટ વર્ચ્યુઅલ રીતે યોજાઈ રહી હતી, પરંતુ રોગચાળાના કેસો શમી ગયા બાદ વર્ચ્યુઅલને બદલે બેઠક શરૂ કરવામાં આવી હતી. જો કે, સરકાર સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે, અગાઉ કેબિનેટની પ્રત્યક્ષ બેઠક વર્ષ ૨૦૨૦ના એપ્રિલના પ્રથમ સપ્તાહમાં યોજાઈ હતી, જ્યારે દેશમાં કોરોના વાયરસનો રોગચાળો ફેલાઈ રહ્યો હતો.

કોરોના સંકટના આગમન પછી, રૂબરૂ બેઠક બંધ કરી દેવામાં આવી હતી. જો કે જુલાઈમાં ફરી પ્રત્યક્ષ બેઠક શરૂ થઈ હતી. કોરોના તેમજ ઓમિક્રોનના સંકટને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવતીકાલે કેબિનેટની બેઠક બોલાવી છે. આ વર્ચ્યુઅલ મીટિંગમાં કોરોનાની સ્થિતિ પર ચર્ચા થઈ શકે છે. કોરોનાના વધતા સંકટ વચ્ચે, ભારતીય તબીબી સંશોધન પરિષદે એક વિશેષ કીટને મંજૂરી આપી છે જેનો ઉપયોગ ઓમીક્રોન વેરિયન્ટ્સને શોધવા માટે કરવામાં આવશે. આ ખાસ કીટ ટાટા મેડિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક્સ દ્વારા તૈયાર કરવામાં આવી છે અને તેનું નામ ઓમીશ્યોર છે.

દરમિયાન આ વર્ષે પાંચ રાજ્યો ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ઉત્તર પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ મે ૨૦૨૨ માં સમાપ્ત થાય છે, જ્યારે અન્ય ચાર રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ માર્ચ ૨૦૨૨ માં અલગ-અલગ તારીખે સમાપ્ત થાય છે. કોરોના અને તેના નવા વેરિઅન્ટ ઓમિક્રોનને કારણે દેશભરમાં સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય ચૂંટણી પંચ પાંચ રાજ્યોમાં ચૂંટણી દરમિયાન કોવિડ પ્રોટોકોલને વધુ કડક કરી શકે છે. આ સિવાય પંચ ચૂંટણી રેલીઓના નિયમોને પણ કડક કરી શકે છે. પંચે કહ્યું છે કે, વિધાનસભા ચૂંટણી દરમિયાન અધિકારીઓ અને કર્મચારીઓને રસીકરણ કરાવવું જરૂરી રહેશે.

આ સિવાય, ચૂંટણીના અધિકારને કારણે મતદારો પર રસીકરણની ફરજિયાત આવશ્યકતા પંચ લાદશે નહીં. હાલમાં મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાના નેતૃત્વમાં બેઠક ચાલી રહી છે. બેઠક બાદ, કમિશન બુધવારે યુપી, ઉત્તરાખંડ અને પંજાબ સહિત પાંચ રાજ્યો સાથે નવા કોવિડ પ્રોટોકોલ પર ચર્ચા કરી શકે છે.રિપોર્ટ્સ અનુસાર, ચૂંટણી પંચ પાંચ રાજ્યોમાં ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી શકે છે. તેમજ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીની તારીખોની જેમ આ વખતે પણ ૨૦૨૨માં ફેબ્રુઆરી અને માર્ચના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી પૂર્ણ થઈ શકે છે. આ મુજબ યુપીમાં આ વખતે ૭ થી ૮ તબક્કામાં ચૂંટણી યોજાઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૫ જાન્યુઆરી સુધી મતદાર યાદીની સમીક્ષા કરવાની છેલ્લી તારીખ છે, એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ૫ જાન્યુઆરી પછી માત્ર ચૂંટણીની તારીખો જ નહીં જાહેર થાય, પરંતુ ચૂંટણી પહેલા આદર્શ આચારસંહિતા પણ લાગુ કરવામાં આવશે.ચૂંટણી પંચ ૫ ચૂંટણી રાજ્યોમાં કોરોના વાયરસ સામે રસીકરણની ગતિથી ચિંતિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચૂંટણી પંચે પાંચ ચૂંટણી રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને રાજ્યોમાં કોરોના રસીકરણની ઝડપ વધારવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે, મણિપુરમાં કોરોના રસીના પ્રથમ ડોઝને લાગુ કરવાના ઓછા દર પર પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ થોડા સમય પહેલા કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશના તમામ રાજકીય પક્ષો રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણી સમયસર કરાવવા માંગે છે.

# જામનગરમાં બસમાં અપડાઉન કરતા ૧૩ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવતા દોડધામ

જામનગર,

દિવસે ને દિવસે કોરોનાના કેસમાં ભારે વધારો થઈ રહ્યો છે. જે વાતનો ડર હતો એજ હવે બની રહ્યું છે. ત્રીજી લહેરમાં હવે શાળાના વિદ્યાર્થીઓ પણ ઝપેટમાં આવી રહ્યા છે. જામનગરના ઉપલેટાની શાળામાં એક સાથે ૧૩ વિદ્યાર્થીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ તમામ વિદ્યાર્થીઓ ખાનગી બસમાં મુસાફરી કરી અપડાઉન કરતા હોવાની વિગત સામે આવી છે. હાલ તમામ વિદ્યાર્થીઓ સારવાર હેઠળ છે અને શાળા તરફથી પણ યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે જામજોધપુરના વિદ્યાર્થી ઉપલેટાની શાળામાં અભ્યાસ માટે જતા હતા આ દરમ્યાન એક વિદ્યાર્થીમાં લક્ષણ દેખાતા તેનો કોરોના રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો જે પોઝિટિવ આવ્યો હતો, બાદમાં આ વિદ્યાર્થી સાથે દરરોજ બસમાં અપડાઉન કરતા અન્ય ૩૫ વિદ્યાર્થીઓના સેમ્પલ લઈ રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૧૩ વિદ્યાર્થીના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થઈ ગયું હતું.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : આર્થિક બાબતોમાં સુધારો જોવા મળશે, પરિવારજનો સાથે થોડી ખેંચતાણ રહેશે, આત્મિય સ્નેહીજનો ઉપર ક્રોધ ના કરો, કારણ વગરના ફાલતું ખર્ચથી બચવું.

વૃષભ (બ.વ.ઉ.) : ધનપ્રાપ્તિ માટેના ઉત્તમ યોગો બનશે, પરિવારમાં પરમ શાંતિ જળવાશે, અચાનક તબિયત ના બગડે તેનું ધ્યાન રાખવું, કામના બોજામાંથી મુક્ત થશો.

મિથુન (ક.છ.ઘ.) : માનસિક અશાંતિનો અનુભવ થશે, કામકાજમાં સાધારણ તકલીફો રહેશે, મહેનતના પ્રમાણમાં ઓછું ફળ મળશે, સંપત્તિને લગતા પ્રશ્નો હળવા થશે.

કર્ક (ડ.હ.) : નાના-મોટા રોકાણોમાં લાભ જણાશે, નજીકના સંબંધીઓથી સહયોગ મળશે, ધંધામાં સારી આવક પ્રાપ્ત થશે, કરેલા કાર્યોમાં સફળતા મળશે.

સિંહ (મ.ટ.) : શેર બજારમાં સારો લાભ મેળવશો, શત્રુઓ ઉપર વિજય મેળવશો, ધંધાના કામમાં સારો લાભ થશે, પ્રેમ સંબંધોમાં તકલીફ જણાશે.

કન્યા (પ.ઠ.ણ.) : અજાણ્યા સાથેનો વ્યવહાર નુકસાન કરાવશે, આવકમાં સાધારણ વધારો થશે, પરિવારજનોનો ભરપૂર સહયોગ મળશે, અકારણ ચિંતાથી કામ બગડશે.

તુલા (ર.ત.) : સમજદારીથી કરેલા કામનો લાભ થશે, જૂના મિત્રોથી મુલાકાત થશે, તબિયત માટે સારો સમય નથી, કોઈપણ પ્રકારની ઉધારીથી સાચવવું.

વૃશ્ચિક (ન.ય.) : કામકાજના સ્થળે મન પ્રસન્ન રહેશે, શેરબજારમાં સારો લાભ થશે, વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, પરિવારમાં તનાવ અને માનસિક અશાંતિ રહેશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : વ્યવસાયમાં ઉત્તમ અવસર મળશે, ખોટા ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો, કામકાજમાં મહેનતનું પ્રમાણ વધશે, શત્રુપક્ષથી સાવધાની રાખવી.

મકર (ખ.જ.) : સંપત્તિને લગતા કામકાજમાં લાભ થસે, રોજગાર માટે નવા અવસરો પ્રાપ્ત થશે, રાજકીય કામ ધ્યાનથી કરવું, સંતાનની પ્રગતિથી મન પ્રસન્ન જણાશે.

કુંભ (ગ.સ.શ.ષ.) : વેપાર વાણિજ્યમાં નવા વિચારો લાભ કરાવશે, આપના આત્મબળમાં વધારો થશે, જૂની પરેશાનીમાંથી રાહત મળશે, આવકના નવા સ્ત્રોત ઉભા થશે.

મીન (દ.ચ.ઝ.થ.) : પરિવારમાં કોઈની તબિયતની ચિંતા રહેશે, કર્મક્ષેત્રમાં વિરોધીઓ પરેશાન કરશે, પારિવારિક શાંતિ જણાશે, જમીન વાહન વગેરે કાર્યોમાં સફળતા મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મનસ્વી વહીવટથી તૂટતાં ગામડાં : વહીવટીતંત્રોની સજાગતા આવશ્યક

- સરકારની વિવિધ યોજનાઓ ગામડાના ભોળા લોકો સુધી પહોંચતી નહીં હોવાનો આક્ષેપ.
- ગ્રામ્ય વિસ્તારોના ભોળા લોકોના ભુલકણા કાનથી સાંભળતી વિવિધ યોજનાઓ તેમના મજબુત હાથોમાં ગલગલિયા કરાવે છે. પરંતુ સ્થાનિક જગ્યાએ આયોજનનો અભાવ.
- ગ્રામ સભા વર્ષમાં ચાર વાર ઓછામાં ઓછા ૫૦ સભ્યોની હાજરીમાં ભરવાની હોય છે.

ફતેપુરા,

રાજ્ય તથા કેન્દ્ર સરકાર ગામડાઓના વિકાસ માટે અબજો રૂપિયા ખર્ચ કરી ચૂકી હોવા છતાં તૂટતા ગામડાઓને બચાવી શકી નથી. સરકારની વિવિધ યોજનાઓ ગ્રામ્ય વિસ્તારના ભોળા લોકોના ભૂલકણા કાનથી સાંભળતા તેમના મજબુત હાથોમાં ગલગલિયાં કરાવે છે. પરંતુ આ યોજનાઓ પૈકી કેટલીક યોજનાઓ કેટલાક સ્થાનિક જવાબદારોની હોશિયારીના કારણે કેટલાક આયોજનો સરકારી ચોપડા પૂરતા મર્યાદિત બની રહે છે. જોકે ગ્રામ્ય વિસ્તારની કોઈપણ યોજનાનો જે-તે ગામ માટે સરકારના આયોજન મુજબ પૂરેપૂરો અમલ કરવામાં આવ્યો છે, તેવું કોઈ છાતી ઠોકીને કહી શકે તેવી પારદર્શકતાનો અભાવ છે.

દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લોકોમાં જાગૃતિએ પગરવ માંડતાં પરિવર્તન ઝંખે છે અને ગ્રામ્ય વિસ્તારોને પ્રાધાન્ય મળે તેમ પ્રજા ઈચ્છે છે. ગત દાયકાઓથી પ્રજાલક્ષી કાર્યો માત્ર કાગળ ઉપર બતાવીને પ્રજાને અંધારામાં રાખવામાં આવતી હતી. પરંતુ ગ્રામસભાના આયોજન દ્વારા ગામના વિકાસમાં ગ્રામ પંચાયત દ્વારા થતી વિકાસકાર્યોથી લોકો વાકેફ બની રહ્યા છે. જો કે હજી પણ અનેક ગ્રામ પંચાયતો ગ્રામસભાઓ ભરવા તરફ દુર્લક્ષ સેવે છે. પંચાયતી રાજ્ય વ્યવસ્થામાં ગ્રામસભાએ પ્રજાના પ્રશ્નોની ચર્ચા માટે મોટી મૂળભૂત સુવિધા છે. પરંતુ પોતાના વહીવટની ગેરરીતિઓ જાહેર જનતા સુધી પહોંચી ન જાય તે માટે સત્તાલોલુપ કેટલાક સરપંચો તથા તલાટીઓ માત્ર કાગળ ઉપર જ ગ્રામસભાનું આયોજન કરી દેતા હોય છે.આમ પંચાયતી રાજ્ય વ્યવસ્થામાં મુળભુત પ્રમાણનો વ્યાપક રીતે ભંગ થતો હોય છે. જેથી માત્ર કાગળ ઉપર ગ્રામસભાઓ ભરી ગ્રામ્યપ્રજાને ઉલ્લુ બનાવતા ગ્રામ પંચાયત સત્તાધીશો સામે કાયદેસર કાર્યવાહી કરી યોગ્ય પગલાં ભરવા જોઈએ.

ગ્રામ પંચાયતની સભામાં ગામનો દરેક નાગરિક સભ્ય છે. અને ગામના વિકાસ અને સમસ્યાનો પ્રશ્ન પૂછવાનો તેને બંધારણીય હક છે.અને ગ્રામ પંચાયત સત્તાધીશો તેનો જવાબ આપવા બંધાયેલા હોય છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, મોટાભાગના તલાટી કમ-મંત્રીઓને એકથી વધુ પંચાયતોનો ચાર્જ સંભાળતા હોય પ્રજાના સમયસર કામો થતા નહીં હોવાની વ્યાપક બૂમો ઉઠવા પામે છે.અને લોકોને સામાન્ય દાખલા જેવી બાબત માટે સમય અને નાણાનો વ્યય કરી અઠવાડિયાઓ સુધી ધરમ ધક્કા ખાવા પડતા હોય છે. જ્યારે ગ્રામ સેવકો તો જાણે સરકારનું છુપુ ઘરેણું હોય તેમ ગ્રામ્ય વિસ્તારના લોકોને તેમના દર્શન દુર્લભ થઈ પડતા હોય છે.ઉપરોકત બાબતે તાલુકા-જિલ્લા તથા રાજ્ય સત્તાધીશો ધ્યાન આપી તપાસ હાથ ધરે તો ગ્રામ્ય વિસ્તારના પ્રજાને અનેક સળગતા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે.

## ગ્રામસભામાં ઓછામાં ઓછા ૫૦ સભ્યોની હાજરી અનિવાર્ય હોય છે

પંચાયતોની રાજ્ય વ્યવસ્થામાં ગ્રામ સભા એ પ્રજાના પ્રશ્નોની ચર્ચા માટેની મૂળભૂત સુવિધા છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૪ પ્રમાણે દરેક ગ્રામ પંચાયતોને વર્ષમાં ચારવાર ફરજિયાત ગ્રામસભા ભરવાની હોય છે. જેમાં પ્રથમ ગ્રામસભા ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે, બીજી ગ્રામ સભા ૧લી મેં ગુજરાત રાજ્ય સ્થાપના દિવસે, ત્રીજી ગ્રામસભા ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા પર્વે ભરવાની હોય છે અને ચોથી અને વર્ષની છેલ્લી ગ્રામસભા ૨ ઓક્ટોબર ગાંધી જયંતિએ ભરવાની જોગવાઈ છે. તેમજ ગ્રામસભામાં ઓછામાં ઓછા ૫૦ સભ્યોની હાજરી અનિવાર્ય છે. જો હાજરી પૂરી થતી ન હોય તો થોડા સમય પછી તેજ દિવસે પુનઃ ગ્રામ પંચાયત સભા યોજવાની હોય છે. જોકે, ગ્રામસભામાં તકરાર નિવારણના તમામ હક્કો ગ્રામ સભા અધ્યક્ષને હોય છે. અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાય છે.

### કોરોના મહામારીમાં મૃત્યુ પામનારના પરિવારજનોને

# ૪ લાખની સહાય ચુકવવા તેમજ વિવિધ આપેક્ષો સાથે ઝાલોદ મામલતદારદારને આવેદનપત્ર પાઠવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઇ ઠાકોરની સુચના અને દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદભાઇ નિનામાના આદેશ અનુસાર કેન્દ્ર અને રાજયની જાડી ચામડીની બહેરી અને મુંગી સરકાર દ્વારા કોરોના મહામારીમાં મૃત્યુ પામનાર સ્વજનોને સરકાર ચાર લાખની સહાય સરકાર દ્વારા સહાય ચુકવવામાં આવે તે માટે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો દ્વારા અનેક રજુઆતો કરવા છતાં પણ ભાજપ સરકારના પેટનું પાંણી ન હલતું નથી. હાઇકોર્ટ બાદ સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવતાં સુપ્રીમ કોર્ટ દ્વારા સરકારની ઝાટકણી કાઢવામાં આવતાં ભાજપ સરકાર દ્વારા કોરોના મહામારીમાં ગુજરી જનારના પરિવારને એક ઢોરની કિમત કરતાં પણ ઓછી કિંમત આંકી ફકત ૫૦.૦૦૦/-ની સહાય ચુકવવામાં આવી રહી છે અને જે લોકો આ કોરોનાકાળમાં ગુજરી ગયેલ છે. તે સરકારની ઘોર બેદરકારીના કારણે હોસ્પિટલોમાં પુરતા બેડ અને ઓક્સિજન અને વેન્ટીલેટર તેમજ ઈન્જેકશનના અભાવના કારણે મરણ પામેલ હોઈ આ કોરોના મહામારી સરકારની બેદરકારીના લીધે વધુ ફેલાઇ હોઇ સરકાર ગુજરી જનારના પરિવારને ચાર લાખની સહાય ચુકવે અને કોઇ સરકારી કર્મચારી ગુજરી ગયેલ હોય તો તેના પરિવારના સભ્યને કાયમી સરકારી નોકરી આપવામાં આવે તેમજ સરકારી હોસ્પિટલમાં બેડ ના મળતા જે વ્યક્તિઓ સાત દિવસ થી વધૂ ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી હોય તેમનું બિલ સરકાર ચુકવે અને સરકારની બેદરકારી અંગે નિષ્પક્ષ તપાસ થાય અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી થાય તે માટે તા. ૦૪/૦૧/૨૦૨૨ મંગળવાર ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મામલતદાર ઝાલોદને દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદભાઇ નિનામાની અધ્યક્ષતામાં ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ આપેક્ષો સાથે ઉપરોકત માંગણીઓ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું.

જે કાર્યક્રમ અંતર્ગત ઝાલોદ કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઇ ડાંગી, જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા કિરિટભાઇ પટેલ, માજી ધારાસભ્ય ડો.મિતેષભાઇ ગરાસિયા, દાહોદ યુથ પ્રમુખ સંજય નિનામા, જિલ્લા મહિલા પ્રમુખ શોભનાબેન ડામોર સહિત અને કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ અને કોરોનામાં મૃત્યુ પામનારના પરિવારજનો ઉપસ્થિત રહી મામલતદાર ઝાલોદને આવેદનપત્ર આપવામાં આવ્યું.

# દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખે શહેર ભાજપાના પ્રશિક્ષણ વર્ગનું સમાપન કરાવ્યું



દાહોદ,

દાહોદ જિલ્લામાં ભારતીય જનતા પક્ષના પ્રશિક્ષણ વર્ગ ૭ જગ્યાએ શરૂ થયા હતા. આ તમામ વર્ગ સંપન્ન થયા હતા. ત્યારે જિલ્લા ભાજપા પ્રમુખ દાહોદ શહેરના સમાપન સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. દરેક મંદલનાા પ્રશિક્ષણ વર્ગમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ વર્ગ દ્વારા કાર્યકરોમાં એક નવી ઉર્જાનો સંચાર થયો છે.

દાહોદ જિલ્લામાં ભારતીય જનતા પક્ષનું સંગઠનનુ માળખુ લગભગ પૂર્ણ થઇ ચુક્યુ છે. સંગઠનને મજબુત બનાવવાના ભાગરૂપે દાહોદ જિલ્લામાં તમામ કાર્યકરોને પ્રશિક્ષિત કરવા જિલ્લામાં તાલુકા અને શહેર મંડલ મળી કુલ ૭ મંડળના પ્રશિક્ષણ વર્ગોનો પ્રારંભ તારીખ ૧ જાન્યુઆરીથી ૩ જાન્યુઆરી સુધી કરવામાં આવ્યો હતો. તેના ભાગ રૂપે દાહોદ શહેર ભાજપાના કાર્યકરોનો પ્રશિક્ષણ વર્ગ પણ તારીખ ૨ જાન્યુઆરીના રોજ દાહોદ પાસે અવન્તિકા રિસોર્ટમાં પ્રારંભ થયો હતો. આ સત્રનો શુભારંભ મધ્ય ગુજરાત પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ અને દાહોદ જિલ્લા પંચાયતના સદસ્ય સુધીરભાઈ લાલપુરવાલાના સત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યાર પછી મહામંત્રી સ્નેહલભાઇ ધરીયા, મંત્રી પ્રદીપભાઇ વહોનિયા,મહામંત્રી નરેન્દ્રભાઇ સોની, પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, મિડીયાકન્વીનર શેતલભાઈ કોઠારીએ વિવિધ વિષયો પર કાર્યકરોને પ્રશિક્ષિત કર્યા હતા. મુખ્ય વિષય સાથે સમાપન સત્રમાં જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ આમલીયાર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ભાજપાનો કાર્યકર જ ભાજપાની પુંજી છે. આ સત્રમાં કાર્યકરોને ભાજપાના સ્થાપન થી માંડીને આધુનિક ભારતની સંરચનામાં કેવી રીતે ફાળો આપી શકાય તેની વિસ્તૃત સમજ વિવિધ વિષયોના માધ્યમથી વકતાઓ દ્વારા આપવામાં આવી હતી. આ સત્રમાં તારીખ ૨ના રોજ રાત્રે સાસંકૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ હતું. નાટિકા દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા પુત્રીની લગ્નની વય ૨૧ વર્ષની કરવામાં આવી છે, તેનુ મંચન કરવામાં આવ્યુ હતું. શૌર્ય અને દેશભિકતના ગીતોનો કાર્યક્રમ પણ યોજાયો હતો. સુચારૂ વ્યવસ્થા માટે શહેર ભાજપા પ્રભારી ભરતસિંહ સોલંકીને મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર સત્રનું સંચાલન ઝોન મહામંત્રી કનૈયાલાલ કિશોરીની સુચના અને શહેર પ્રમુખ પ્રશાંત દેસાઇના માર્ગદર્શનમાં મહામંત્રીઓ હિમાંશુ નાગર અને અર્પિલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દાહોદમાં વધુ ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા નગરજનોમાં ફફડાટ

દાહોદ,

દાહોદમાં આજે વધુ એક સાથે ૦૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં શહેર-જિલ્લા વાસીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. એકટીવ કેસનો આંકડો ૧૪ ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં હવે કોરોના પગપેસારો કરી ચૂક્યો છે. તેમ કહીએ તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય. કોરોનાના દિવસે દિવસે વધતાં કેસોને પગલે આરોગ્ય તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે કામગીરી આરંભ કરી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

આજે આર.ટી.પી. સી.આર. ના ૧૪૨૮ પૈકી ૦૨ અને રેપિડ ટેસ્ટના ૨૬૯ પૈકી એક કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે. આ ૦૩ કેસમાંથી એક દાહોદ અર્બન વિસ્તારમાંથી એક ઝાલોદ ગ્રામ્ય વિસ્તાર માંથી અને એક જ બારીયા ગ્રામ્ય વિસ્તારમાંથી સામે આવ્યો છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૬૦ ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૩૩૯ લોકોએ પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે. કોરોનાની સંભવતઃ ત્રીજી લહેરના ભણકારા વચ્ચે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર સમેત વહીવટી તંત્રએ આગોતરી તૈયારીઓના ભાગરૂપે હોસ્પિટલમાં બેડોની વ્યસ્થા વધારવા તરફ પણ ધ્યાન આપી રહ્યાં છે.

## ગરબાડાના છારછોડ ગામે ઝગડાની અદાવતમાં ચાર ઈસમોએ ધીંગાણું મચાવ્યું

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના છરછોડ ગામે જુના ઝધડાની અદાવત રાખી ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લોખંડના સળીયા તેમજ લાકડીઓ લઈ દોડી આવી બે જણાને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૦૧ જાન્યુઆરીના રોજ ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે બારાના કુવા ગામે રહેતાં વિજયભાઈ માનસીંગભાઈ ભુરીયા, હીમસીંગભાઈ બચુભાઈ માવી, રાજુભાઈ ચતુરભાઈ ભુરીયા અને ફતીયાભાઈ રતનાભાઈ ભુરીયાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ અને લાકડીઓ લઈ છરછોડા ગામે રહેતાં માનસીંગભાઈ ઝીથરાભાઈ બારીયાના ઘરે આવ્યાં હતાં અને જુના ઝઘડાની અદાવત રાખી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, કેમ રસ્તામાં ઉભા છો, તેમ કહી એકદમ ઉશ્કેરાયાં હતાં અને લોખંડની પાઈપ અને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી અરવિંદભાઈ અને ગજાનંદભાઈને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે માનસીંગભાઈ ઝીથરાભાઈ બારીયા દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ શહેરમાં લાઈટનો પ્રવાહ બંધ રહેતા ધંધાદારી અને વેપારીગણને હાલાકી થઈ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં એમ.જી.વી.સી.એલ.ના દ્વારા વિજ પ્રવાહ અપાય છે. દર મંગળવારે વિજ પ્રવાહ બંધ એટલા માટે રખાતું હતું કે, મેન્ટનન્સ કાર્ય થાય છે. છેલ્લા બે-ત્રણ માસથી આ સાપ્તાહિક મેન્ટનન્સ કાર્ય બંધ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં તા.૪/૧/૨૨ મંગળવારના રોજ સવારના ૭.૦૦ કલાકે થી બપોરના ૩.૩૦ કલાક સુધી વિજ પ્રવાહ બંધ રહેતા શહેરીજનો અને ખાસ કરી વેપારીગણ મુશ્કેલીમાં મુકાયા હતા. જેવાં કે, વોટર્સ સપ્લાયર્સ, ડોળી પીલતા વેપારીઓ તથા લોટ દળવાની ઘંટીના વેપારીઓ આજના વિજપ્રવાહ બંધ રહેતા ઉપભોગતાને હાલાકીનો વારો હતો. પહેલાની જેમ જે વિસ્તારનું મેન્ટનન્સ કાર્ય કરવાનો હોય તેજ વિસ્તાર વિજ પુરવઠો બંધ રખાતા મામલતદાર ઓફિસ જેવી ઓફિસનો વિજપ્રવાહ બંધ રહેતા ત્યાંનું આમ જનતાનું ઓફિસને લગતું કાર્ય ન થતા પંથકની આમ ગરીબ જનતાને પાછા ઘરે જતું રહેવાનો વારો હતો. મામલતદાર ઓફિસમાં જનરેટર બગડેલી હાલતમાં હોવાથી તેનું રીપેરીંગ કાર્ય કેમ કરવામાં આવતું નથી. તે યક્ષ પ્રશ્ન છે. આ જનરેટર ચાલુ હાલતમાં હોત તો ગ્રામીણની જનતાના કાર્ય થઈ શકતા. ઉનાળાની સીઝન આવતા પહેલા બંધ પડેલા જનરેટરનું સમારકાર્ય થાય તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

## દાહોદના કઠલા ગામે એકટીવા ટુ વ્હીલર સ્લીપ ખાઈ જતાં ચાલકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે એક એકટીવા ટું વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની એકટીવા પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં એકટીવા ટું વ્હીલર ગાડી સ્લીપ ખાઈ જતાં ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૩મી જાન્યુઆરીના રોજ દાહોદ શહેરના ગોદીરોડ ખાતે પશુપતિનાથ નગર ખાતે રહેતા કિશોરભાઈ વિશનદાસ બેલાણી પોતાના કબજાની એકટીવ ટું વ્હીલર ગાડી લઈ દાહોદ તાલુકાના કઠલા ગામે સાંજના પાંચેક વાગ્યાના આસપાસ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એકટીવા ટું વ્હીલર ગાડીની વધુ પડતી ઝડપના કારણે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં કિશોરભાઈ એકટીવા પરથી જમીન પર ફંગોળાયા હતાં જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે મૃતકના ભાઈ રાજેશભાઈ વિશનદાસ બેલાણી દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં અનાથ બાળકોને પણ કોરોનાની રસી મુકાઈ તેની ખરાઈ કરવા CWC ચેરમેનનું સૂચન



દાહોદ,

દાહોદ જિલ્લામાં તરૂણોને કોરોનાની રસી મુકવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે કોરોનામાં અનાથ થયેલા તેમજ અન્ય અનાથ બાળકોને પણ રસી મુકવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સંબંધિત શાળામાં જ રસી મુકી દેવાય અને તેવા બાળકો કોઇ પણ સંજોગોમાં રસીથી વંચિત ન રહી જાય તેના માટે સુચના આપવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં કોરોનાની બીજી લહેરમાં કેટલાયે લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેમાં ઘણાં બાળકોએ માતા, પિતા અથવા તે માતા પિતા બંન્નેના છત્ર ગુમાવી દેતા એક સમયે તેઓ અનાથ થઇ ગયા હતા. આવા ૧૭૭ બાળકો શોધી કાઢીને તેમને મુખ્યમંત્રી સહાય યોજનાના લાભ જે તે સમયે ચાઇલ્ડ વેલફેર કમિટીના માધ્યમથી આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લામાં ૭૨૩ જેટલા અન્ય અનાથ બાળકો પણ હયાત છે અને તેમને પણ સરકારી યોજનાના લાભ આપવામાં આવી રહ્યા છે.

બીજી તરફ હાલ ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોને કોરોનાની રસી મુકવાની કામગીરી શરૂ થઇ ગઇ છે. ત્યારે કોરનામાં માતા, પિતા અથવા બંન્ને ગુમાવ્યા હોય તેવા ૧૫ થી ૧૮ વર્ષના ૫૦ જેટલા બાળકો છે તેમજ આશરે ૨૧૫ જેટલા અન્ય અનાથ બાળકો છે. આ તમામ બાળકો તેમના પાલકો પાસે રહે છે અને તેઓ તમામ તેમના વિસ્તારની વિવિધ શાળાઓમાં હાલ પણ અભ્યાસ કરતા હોવાની સત્તાવાર માહિતી બાળ સુરક્ષા કચેરીમાંથી મળી છે. આવા બાળકોને પણ કોરોનાની રસી મુકી દેવામાં આવે અને માતા પિતાના અભાવે તેઓ રસીથી વંચિત ન રહી જાય તેના માટે ખાસ વ્યવસ્થા કરવા ચાઇલ્ડ વેલફેર કમિટીના ચેરમેન નરેન્દ્ર સોનીએ સુચના આપી છે. જો બાળક શાળાએ ઉપલબ્ધ ન હોય તો તેને શોધી કાઢીને રસીકરણ કરવામાં આવશે તેમ પણ તેઓએ જણાવ્યુ છે.

# લીમખેડાના કંબોઈ ગામે થી બોલેરો અને બાઇકની ચોરી થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કંબોઈ ગામેથી એક બોલેરો ફોર વ્હીલર ગાડી તેમજ એક મોટરસાઈકલ મળી કુલ બે વાહનો અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. એકસાથે બે વાહનો ચોરાતાં પંથકમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી.

વાહન ચોરીનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના કંબોઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૧મી ડિસેમ્બરના રોજ કંબોઈ ગામે ભગત ફળિયામાં રહેતાં મગનભાઈ ચંન્દ્રાભાઈ ચૌહાણે પોતાની બોલેરો ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ બોલેરો ફોર વ્હીલર ગાડી કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કસબ અજમાવી રાત્રીના કોઈપણ સમયે ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મગનભાઈ ચંન્દ્રાભાઈ ચૌહાણે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાહન ચોરીનો બીજો બનાવ લીમખેડા કંબોઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં લીમખેડા તાલુકાના જાદા ગામે પરમાર ફળિયામાં રહેતાં નારણભાઈ કાળુભાઈ પરમારે ગત તા.૦૬ નવેમ્બરના રોજ કંબોઈ ગામે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ કંબોઈ ગામે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કસબ અજમાવી સાંજના ૬ વાગ્યાના આસપાસ મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નારણભાઈ કાળુભાઈ પરમારે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.114

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સંસ્થાની ટાટા સુમો ગાડી ખાનગી ડ્રાઈવર સાથે ખજાનચી અને કન્વીનર ગાંધીધામ લઈ જતાં વિવાદ

- ખાનગી ડ્રાઈવર સાથે ગાંધીધામ પ્રવાસ કરતાં વિવાદ ઉભો થયો.
- સંસ્થામાં ત્રણ ડ્રાઈવર હોવા છતાં ખાનગી ડ્રાઈવરનો ઉપયોગ કેમ.
- સંસ્થાની ગાડીના દુરઉપયોગની તપાસ કરવામાં આવે તે જરૂરી.

ગોધરા,
પંચમહાલના ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંસ્થાના ઉપયોગ માટે ટાટા સુમો ગાડી રાખવામાં આવેલ છે. આ ગાડી ઉપર મેડીકલના અનુસંધાને લાઈટ લગાવવામાં આવેલ છે. આ ગાડીનો દુરઉપયોગ સંસ્થાના ખજાનચી અને કન્વીનર દ્વારા ગાંધીધામ મુકામે સંસ્થાના ત્રણ ડ્રાઈવર હોવા છતાં ખાનગી ડ્રાઈવર સાથે લઈ આવી હોય આ બાબતે વિવાદાસ્પદ બન્યો. આ બાબતે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંસ્થા અવાર–નવાર અવનવા વિવાદો ઉભા થતાં રહેતા હોય છે. જે સંસ્થાની છાપ ખરાબ થઈ રહી છે. તેવા નવા કિસ્સા સામે આવ્યા છે. ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંસ્થાના ઉપયોગ માટે ટાટા સુમો રાખવામાં આવેલ છે અને ગાડી મેડીકલના અનુસંધાને સાઈરન સાથેની લાઈટ લગાડવામાં આવે છે. આ ગાડીનો દુરઉપયોગ સંસ્થાના ખજાનચી અને કન્વીનર દ્વારા કરવામાં આવેલ છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના મેનેજીંગ કમીટીની મીટીંગ ૧ જાન્યુઆરીના રોજ ગાંધીધામ ખાતે રાખવામાં આવી હતી. પંચમહાલ ઈન્ડીયન રેડક્રોસના પ્રતિનિધી તરીકે ખજાનચી ભાવેન્દ્ર તનેજા, કન્વીનર ધવલ શાહ જવાના હતા. બન્ને હોદ્દેદારો દ્વારા સંસ્થાની ગાડી ટાટા સુમો તા.૩૧ ડીસેમ્બરના ખાનગી ડ્રાઈવર લઈને ગાંધીધામ ખાતે લઈ જવામાં આવી હતી. ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંસ્થા ૩ ડ્રાઈવરો છે. તેમ છતાં કયા કારણોસર ખાનગી ડ્રાઈવર લઈ જવામાં આવ્યો. ખાનગી ડ્રાઈવર સંસ્થાની ગાડીની લોગબુક ભરી શકે ખરો ? કોની મંજુરી થી સંસ્થાની ગાડી ખાનગી ડ્રાઈવર લઈ જવામાં આવ્યા. ત્યારે શું ૩૧ ડીસેમ્બરની ઉજવણી સંસ્થાની ગાડીમાં કરવામાં આવી તેની તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

ત્યારે સંસ્થાની ગાડી જેટલા ટોલ પ્લાઝા પર થી પસાર થયેલ છે. તેના સીસી ટીવી ફુટેજની ચકાસણી કરવામાં આવે તો સત્યતા બહાર આવશે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાડી ખાનગી ડ્રાઈવર રોકીને ખજાનચી અને કન્વીનર દ્વારા દુરઉપયોગ કરવામાં આવ્યો છે. તેની ન્યાયિક તપાસ કરવામાં આવે અને તાત્કાલીક પગલા ભરવામાં આવે તેવી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના આજીવન સભ્યો દ્વારા લેખિત રજુઆત જીલ્લા કલેકટરને કરવામાં આવી છે.

## પંચમહાલ જીલ્લામાં એક જ દિવસમાં ૧૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

- જીલ્લામાં કોરોના કેસ વધતાં આરોગ્ય તંત્ર સર્તક બન્યું.
- જીલ્લામાં કોરોના એકટીવ દર્દીઓ ૨૦.

ગોધરા,
ગુજરાત રાજયમાં પ્રતિદિન કોરોના કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેની વચ્ચે પંચમહાલ જીલ્લામાં કોરોના કેસમાં રાહત હતી. ત્યારે આજરોજ પંચમહાલ જીલ્લામાં ૧૪ કોરોના કેસ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોના કેસ વધતાની સાથે જીલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર સર્તક બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૪ કોરોના પોઝીટીવ દર્દીઓ નવા નોંધાયા છે. જીલ્લામાં છેલ્લા લાંબા સમય થી કોરોના સંક્રમિત કેસ નહી આવતાં લોકો કોરોના પ્રત્યે બેદરકાર બન્યા હતા અને માસ્ક તેમજ સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરવાનું ટાળી રહ્યા હતા. ત્યારે પંચમહાલ જીલ્લામાં ૪ જાન્યુઆરીના રોજ એક સાથે ૧૪ જેટલા કોરોના કેસ એક સાથે નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસમાં એક દિવસમાં ઉછાળો નોંધાવા પામ્યો છે. તેની સાથે આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. હજી કોરોના આપણી વચ્ચે છે. તેવું લોકો જાણતા હોવા છતાં માસ્કનો ઉપયોગ ટાળી રહ્યા છે. હવે જ્યારે પંચમહાલ જીલ્લામાં ૧૪ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. તે જોતાં લોકો કોરોના સંક્રમણથી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવે તે જરૂરી છે. જીલ્લામાં કોરોના કેસમાં ઉછાળો આવતાં પોલીસ તંત્ર લોકોને માસ્ક પહેરવા માટે અપીલ સાથે દંડ કરવાની કામગીરી હાથ ધરે તો નવાઈ નહિ.

**પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ કોરોના કેસ**

ગોધરા - ૧૨
હાલોલ - ૦૧
હાલોલ (ગ્રામ્ય) - ૦૧

## લો બોલો... વેજલપુર ગ્રામ પંચાયતમાં મનરેગા કામોની ભ્રષ્ટાચારની બૂમો મોભે ચડીને પોકારી રહી છે

- શું તાલુકા પંચાયતમાં આવેલ તાલુકા વિકાસ અધિકારી ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરી સાચી દિશામાં તપાસ કરશે ખરા ??
- શું તાલુકા વિકાસ અધિકારી વેજલપુર ગામની તમામ સ્થળોની મુલાકાત જાતે લેશે ખરા ??
- શું તાલુકા વિકાસ અધિકારી અરજદારે અરજીમાં આપેલા જોબકાર્ડ નંબરોની ઊંડાણ પૂર્વક તપાસ કરશે ખરા ??

કાલોલ,
કાલોલ તાલુકા પંચાયત સ્તરના અધિકારીઓ અને વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચ તલાટીની મિલીભગત થી વેજલપુર ગામમાં મનરેગા યોજના હેઠળ કરેલા કામોમાં ભ્રષ્ટાચારની તપાસ કરવા માટે અરજદાર દ્વારા મુખ્ય મંત્રી જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તાલુકા વિકાસ અધિકારી તલાટી ક્રમ મંત્રી સહિત તમામને લેખિત ફરિયાદ અરજી કરી જોબકાર્ડ નંબર સહિત લેખિતમાં જણાવેલ કે, આ તમામ નંબર ના જોબકાર્ડ ધારકો એ જયારથી જોબકાર્ડ મેળવેલા છે. ત્યાર થી આજદિન સુધી કોઈપણ જગ્યાએ મનરેગા યોજના હેઠળ કામો કરેલ નથી. તેમ છતાં તેમના નામે જયાં જયાં પણ મનરેગા યોજના હેઠળ કામો કરવામાં આવેલ છે. ત્યાં ત્યાં તમામ નંબરો વાળા જોબકાર્ડ ધરકોનો સમાવેશ કરી તેમના ખાતામા રૂપિયા જમા કરાવીને મોટા પાયે વર્ષો થી સતત ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે અને મનરેગા યોજના હેઠળ ચાલતા ભ્રષ્ટાચાર માં તાલુકાના મનરેગાના અધિકારીઓ અને વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ અને તલાટીની મિલીભગત થી વેજલપુર ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના જયારથી લાગુ કરવામાં આવી છે. ત્યાર થી અત્યાર સુધી જયાં જયાં પણ કામો કરવામાં આવ્યા છે. જેમ કે ચેક ડેમોના કામો પેવર બ્લોકના કામો જમીન સમતલનના કામો તળાવ ખોદકામના કામો વિગેરે વેજલપુર ગ્રામ પંચાયત મનરેગા યોજના હેઠળ કરવામાં આવેલા કામો કરેલા જોબકાર્ડ ધારકોએ કામો કરેલ ન હોવા છતા તેઓએ માત્ર રેકર્ડ ઉપર બતાવી તેઓના ખાતામાં ગેરકાયદેસર રીતે નાણાં જમા કરાવી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે અને અમુક કામો જે મનરેગા યોજના હેઠળ કરવામાં આવ્યા છે. તે એકદમ તકલાદી કરવામાં આવ્યા છે. જેથી અરજદાર દ્વારા લેખિતમાં એવું પણ જણાવેલ છે કે, આ તમામ કામોની તપાસ અમો અરજદારને સાથે રાખીને કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે અને ભ્રષ્ટાચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. જેથી વેજલપુર ગ્રામ પંચાયતમાં થયેલા કામોમાં ભ્રષ્ટાચારની બુમો ઉઠવા પામી છે. જેથી વેજલપુર ગામમાં મનરેગામાં થયેલા ભ્રષ્ટાચારના કામોના અનેક વખત પંચમહાલ સમાચાર પત્રો માં સમાચારો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. તેમ છતાં ઉપલા અધિકારીઓનુ પેટનું પાણી હલતું નથી. જેથી હવે જોવાનું એ રહયું કે નવા આવેલા તાલુકા વિકાસ અધિકારી કુ.મૈત્રી જગદીશ કુમાર લેઉવા તાલુકા પંચાયતના મનરેગાના અધિકારીઓને લગામ લગાવી અને મનરેગાના અધિકારીઓ અને વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચ તલાટી ક્રમ મંત્રી સામે કાર્યવાહી કરશે ખરા કે પછી જેસા થા વેસા હી ચલતા રહેગા કારણ કે વેજલપુર ગ્રામ પંચાયત અનેક વખત વિવાદોમાં અને ગામમાં ચર્ચામાં આવેલી છે. જેથી વેજલપુર ગામનો વિકાસ માત્ર કાગળો ઉપર ઘોડા દોડાવી માત્ર અમુક ગણ્યા ગાંઠિયા લોકોનો વિકાસ થયો છે અને ગામ તો હજુ વિકાસ થી વંચિત છે. જેથી તમામ ગ્રામજનો વિકાસની રાહ જોઈ રહયા છે. ક્યારે વેજલપુર ગામનો વિકાસ થશે અને ક્યારે સાચા અધિકારીઓ સાચી નીતિથી પોતાની ફરજ બજાવી વેજલપુર ગામનો વિકાસ કરશે.

## કાલોલ મામલતદાર વય નિવૃત્ત થતાં વિદાય સમારોહ યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ મામલતદાર કચેરી ખાતે છેલ્લા ત્રણ વર્ષથી મામલતદાર તરીકે ફરજ બજાવતા પી.એમ. જાદવના ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ નિવૃત્તિના સમયને લઈ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલોલ મામલતદાર કચેરી ખાતેના કર્મચારીઓએ ૪ જાન્યુઆરીના રોજ પાલિકાના કોમ્બિંગ હોલ ખાતે વિદાય સમારોહનો કાર્યક્રમ રાખેલ હતો. કાલોલ નિવૃત્તના સમારોહમાં આમંત્રિત જિલ્લા નાયબ કલેકટર સ્ટેમ્પડ્યૂટી અમિતા પારગી, કાલોલ ઈન્ચાર્જ મામલતદાર જી.જે. તડવી, કર્મચારી ગણ તેમજ પત્રકાર મિત્રો એ હાજરી આપી. સર્વએ નિવૃત્ત મામલતદાર પી.એમ.જાદવને તેમની પરજ પર સતત ઉત્સુકતા સાથે પોતાની ફરજ નિભાવી હોવાના અભિનંદન પાઠવ્યા. તદુપરાંત તેઓને પુષ્પગુચ્છ ફૂલહાર અને સાલ ભેટ આપી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમને કાલોલ મામલતદાર કચેરીના કર્મચારીગણ અને પત્રકારો સાથે ભોજન લીધું હતું.

## પંચમહાલ ખાનખનીજ વિભાગ કાલોલ ખનીજ માફિયાઓ પર છાપો મારી રેતી ભરેલ એક ટ્રેક્ટર ઝડપી પડ્યું



ગોધરા,
પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ કાલોલમાં છાપો મારતા ખનીજ માફિયામાં નાસભાગ ખનીજ વિભાગના હાથે નશીબનું એક ટ્રેકટર ઝડપાયું. જોકે, કાલોલ નજીકનાં બોરૂ ગામ પાસેથી રેતી ભરેલ ટ્રેકટર ઝડપી પાડી કાલોલ મામલતદાર કચેરી ખાતે સિલ કર્યું. જોકે, કાલોલ નગર તેમજ જપ્ત કરેલ ટ્રેકટરની થોડા કિલોમીટરની અંદર બહુ મોટા પ્રમાણમાં માટી અને રેતી ખનન થતું હોવા છતાં ખાણ ખનીજની નજીવી કામગીરી સામે અનેક સવાલો ઉપસ્થિત થયા છે. જોકે, કામ ખાણ ખનીજની કામગીરી સામે ખનીજ માફિયાઓમાં મંગળવારના રોજ દોડધામ મચી ગઈ હતી. જેવું ટ્રેકટર મામલતદાર કચેરી આવતાની સાથે અનેક ખનીજ માફિયાઓ અને વચેટિયાઓ ખાણ ખનીજ વિભાગની ગાડીની આજુબાજુ જોતરાઈ ગયા હતા. શું કાલોલ નગરની ગોમાંનદીમાં ખનીજ માફિયાઓ દ્વારા રેતી ખનન કરવાની કામગીરી સામે ખાણ ખનીજ વિભાગની આંખ મીચોલી કે શું ? કાલોલની ગોમાં નદીમાં રોજનું હજારો ટન રેતી અને માટી ખનન વિભાગ લાચાર છે કે શું ? કે પછી જાણતા હોવા અંજાર બની રહ્યા છે ?

## કાલોલના ખરસાલીયા ગામેથી ૮૫ હજારનો દારૂનો જથ્થો LCB પોલીસે ઝડપ્યો



કાલોલ,
કાલોલ તાલુકાના ખરસાલીયા ગામે ખેતરમાં ડાંગરના ઘાસની નીચે દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ અને બીયર મળી ૮૫,૨૦૦/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વેજલપુર ગામે રહેતા પ્રકાશ ઉર્ફે ભચલુ ગણપતસિંહ પટેલ એ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને કનોડ ત્રણ રસ્તાથી ખરાલીયા ગામે ગાયત્રી ફળીયાની સીમમાં નરવતસિંહ ચૌહાણના ખેતરમાં ડાંગરના ઘાસ નીચે દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રોયલ ડીલક્સ વ્હીસ્કી પેટી નંગ–૧૫, માઉન્ટેન ૬૦૦૦ બીયર પેટી નંગ–૫ મળી કિંમત ૮૫,૨૦૦/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા લીલેસરા રોડ ઉપર સર્વે નં. ૪૩૦/૨/૨ વાળી જમીનમાં ચાલતા ગેરકાયદેસર બાંધકામને રોકવા પાલિકાએ નોટીસ આપી

ગોધરા,
ગોધરાના લીલેસરા રોડ ઉપર આવેલ રે.સર્વે નં.૪૩૦/૨/૨ વાળી જગ્યામાં પાલિકાની પરવાનગી મેળવ્યા વગર ચાલતા ગેરકાયદેસર બાંધકામ માટે નગર પાલિકા દ્વારા નોટીસ આપવામાં આવી.

ગોધરાના લીલેસરા રોડ ઉપર આવેલ રે.સર્વે નંબર–૪૩૦/૨/૨ વાળી જગ્યામાં આસીફભાઈ ભટુક દ્વારા નગર પાલિકાની પરવાનગી મેળવ્યા વગર નિયંત્રણ રેખા ભંગ કરીને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. આ બાબતે ગોધરા નગર પાલિકા એ નોટીસ આપી પાલિકાની પૂર્વ મંજુરી વગર ચાલતા બાંધકામને બંધ કરવા તેમજ પાલિકા માંથી બાંધકામ માટે મંજુરી મેળવેલ હોય તો કરવામાં આવી રહેલ બાંધકામ મંજુર નકશા મુજબ છે. તેનો લેખિત ખુલાસો કરવા નોટીસ આપવામાં આવી છે. ૩ દિવસમાં મિલ્કત માલિકના પુરાવા લે–આઉટ પ્લાન તેમજ માલિકીની જગ્યાની નવિન માપણી સીટ તથા ટીકા સાથે રજુ કરવાના રહેશે. અન્યથા પાલિકા દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવું નોટીસ આપવામાં આવી.

## ગરબાડાના ગાંગરડા ગામેથી ૧૭ વર્ષીય સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ

ગરબાડા,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને એક યુવકે તેના મિત્રની મદદ લઈ પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૧૦મી નવેમ્બરના રોજ ગરબાડા તાલુકાના ગુંગરડી ગામે રહેતો અમિતભાઈ દિનેશભાઈ ભાભોરે તેના મિત્રની મદદ લઈ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં પટાવી ફોસલાવી મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાવા વાલી વારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોઘંબાના રાજગઢ પોલીસ મથકના હત્યાના ગુનાના ૩ આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપ્યા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકના હત્યાના ગુનામાં આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસને સુચના મળી હતી. સુચનાના આધારે અલગ–અલગ ટીમો બનાવી ત્રણ આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકે નોંધાયેલ ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ના ગુનામાં આરોપી ભલીયાભાઈ સેગળાભા રાઠવા, કિરણભાઈ ભલીયાભાઈ રાઠવા, કોચરભાઈ સેગલાભાઈ રાઠવાને ઝડપી પાડવા માટે જીલ્લા પોલીસવડા તરફથી સુચના મળેલ હોય જેના આધારે રાજગઢ પોલીસે અલગ–અલગ ટીમો બનાવી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને પોલીસે આરોપીના રહેણાંક ઘરો અને આવવા–જવાના સંભવિત સ્થળોએ તપાસ કરીને ત્રણ આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

## જાહેર હરાજી

જીલ્લા પંચાયત પંચમહાલ હસ્તકની ઘોઘંબા તાલુકાની ખરોડ પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડો ધાબાવાળો–૧ તથા પતરાવાળો–૧ ના કાટમાળની જાહેર હરાજીની મંજુરી માન.જી.પ્રા.શિ. ના પત્ર ક્રમાંક નં. જી.પં/ શિક્ષણ/ટે–૯/વશી/૩૬૦ તા.૨૩/૧૨/૨૦૨૧ના આધારે મળેલ છે. જેની જાહેર હરાજી તા.૧૦/૦૧/૨૦૨૨ને સોમવારના રોજ ૧૨.૦૦ કલાકે ખરોડ પ્રા.શાળા ખાતે રાખેલ છે.

–: શરતો :–

૧) હરાજીમાં ભાગ લેનારે ૨,૦૦૦/– ડીપોઝીટી જમા કરાવવાની રહેશે.
૨) હરાજી રાખનારે કાટમાળ જાતે ઉતારવાનો રહેશે.
૩) નાણાં જમા કરાવી કાટમાળ લઈ જવાનો રહેશે.
૪) હરાજી રદ્દ કરવાનો તમામ અધિકાર SMC ખરોડનો રહેશ.
૫) હરાજીમાં ભાગ લેનારે SMC/VEC ના નિયમો બંધનકર્તા રહેશે.

અધ્યક્ષ/સભ્ય સચિવ
એસ.એમ.સી. ખરોડ
ખરોડ પ્રા.શાળા,
તા.ઘોઘંબા, જી. પંચમહાલ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જુના ગોરાડા ટોચના ગોરાડા સે.સ.મં.લી.
મુ. વાડીના ગોરાડા, તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વણકર એલ. એચ.
મુ. શામણા, તા. લુણાવાડા